મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૩૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૫ ટકા
**ગાંધીનગર તાપમાન**

# નોટબુકસ તથા સ્ટેશનરીમાં દસ ટકાનો ભાવવધારો

## નવું સત્ર શરૂ થતાં જ બજારોમાં નોટબુકસ તથા સ્ટેશનરીની ખરીદી માટે ચહલપહલ : પાઠયપુસ્તકોની કિંમતો યથાવત

●●●

શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને પુસ્તકો શાળામાંથી જ લેવાની ફરજ પડાતા અમને નુકશાન થઈ રહ્યું છે. અમે ગ્રાહકોને ૧૦ ટકાથી ૧૫ ટકા સુધીનું ડીસ્કાઉન્ટ આપીએ છીએ જે શાળા દ્વારા અપાતું નથી.

**- હેમંત મહેતા, પાર્શ્વ સ્ટેશનર્સ**

●●●

બજારમાં આ વર્ષે પાઠયપુસ્તકોની કિંમત યથાવત છે પરંતુ સ્ટેશનરીમાં ૧૦ ટકાથી ૧૫ ટકાનો ભાવવધારો થયો છે.

**- મહેન્દ્રભાઈ, વૈશાલી સ્ટેશનર્સ**

●●●

શાળા તરફથી અપાતી પુસ્તક સુચિમાં એક જ પુસ્તકના અલગ અલગ પ્રકાશનો હોવાથી તે ઉપલબ્ધ કરાવવા લગભગ અશકય બની જાય છે. આ ઉપરાંત શાળામાંથી જ પુસ્તકો લેવાની ફરજ પડાતા વેપારીઓ માટે ત્રાસદાયક પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

**- વિનય પટેલ, ભારત બુક સ્ટોર**

ગાંધીનગર, તા.૧૦

આજથી શાળાઓમાં નવા સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે શહેરની સ્ટેશનરીની દુકાનોમાં પણ ભીડમાં વધારો જોવા મળી રહ્યો છે. નવા સત્રની સાથે બજારોમાં પાઠયપુસ્તકોની ખરીદી માટે ચહલપહલ જોવા મળી રહી છે. ગુજરાત બોર્ડ તથા સેન્ટ્રલ બોર્ડના પાઠયપુસ્તકોની કિંમતમાં કોઈ પ્રકારનો ભાવવધારો થયો નથી પરંતુ નોટબુકસ તથા સ્ટેશનરીની વસ્તુઓમાં ૧૦ ટકાનો વધારો થયો છે.

કેટલીક શાળાઓ તરફથી વિદ્યાર્થીઓને શાળામાંથી જ પુસ્તકોની ખરીદી કરવા ફરજ પાડવામાં આવી રહી છે. આ ઉપરાંત શાળામાંથી તૈયાર કરાયેલી સુચીમાંના પુસ્તકો બજારમાં ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓ તથા વાલીઓએ હાલાકીનો સામનો પણ કરવો પડી રહ્યો છે.

શાળાઓના બેફામ ફી વધારા ઉપરાંત સ્ટેશનરીનો સામાન પણ મોંઘો થતા મધ્યમવર્ગના વાલીઓની હાલત કફોડી બની છે. કેટલીક શાળાઓમાં બાળકોને ગણવેશ સહિત પાઠયપુસ્તકો અને નોટબુકસ શાળામાંથી જ લેવાની ફરજ પાડવામાં આવી રહી છે. શાળામાંથી વેચાણ કરાતી વસ્તુઓનું વાલીઓને બિલ આપવામાં ન આવતું હોવાથી તેના ઉપર જી.એસ.ટી. લાગુ પડતો નથી. આ ઉપરાંત, રાજય સરકાર દ્વારા પણ તેનો કોઈ રેકોર્ડ રાખવામાં આવતો નથી. શાળામાંથી અપાતી વસ્તુઓનુ બિલ ન અપાતા ફકત કુલ આંકડો જ વાલીઓને જણાવવામાં આવતા કઈ વસ્તુની કેટલી કિંમત છે તે પણ જાણી શકાતું નથી. આવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ, વાલીઓ તથા વેપારીઓને હેરાનગતિનો સામનો કરવો પડે છે. મોંઘવારીના મારથી ત્રસ્ત મધ્યમવર્ગ આ સમસ્યાઓમાંથી કેવી રીતે ઉગરશે તે એક સવાલ છે.



# એટીએમ કાર્ડનો ઉપયોગ આવડતો નહોતો એમાં રૂ. ૨૨ હજારનો ચુનો લાગ્યો

## બીજાને એટીએમ કાર્ડ અને પાસવર્ડ આપી રૂ.૨ હજાર ઉપાડવાનું કહ્યું, પછી ખબર પડી કે તેણે તો રૂ. ૨૨ હજાર ઉપાડી લીધા હતા : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૦

એક તરફ ડિઝીટલ ઈન્ડિયાની વાતો થાય છે ત્યારે બીજી તરફ ગ્રામ્ય વિસ્તારના ભોળા બેંક ખાતેદારો અજ્ઞાનતાને કારણે છેતરપિંડીનો ભોગ બની રહ્યા હોવાનું ધ્યાને આવી રહ્યું છે. એટીએમ કાર્ડનો ઉપયોગ કરતાં આવડતું ન હોવાથી ખેડૂતે એટીએમની લાઈનમાં પાછળ ઉભેલા એક બીજા યુવાનને પોતાનું કાર્ડ અને પાસવર્ડ આપી ૨૦૦૦ રૂપિયા ઉપાડવાનું કહ્યું હતું. તે યુવાને ખેડૂતને રૂપિયા ૨૦૦૦ ઉપાડીને આપ્યા અને ત્યાંથી નીકળી ગયો હતો. ખેડૂતને પછીથી ખબર પડી કે તેના ખાતામાંથી તે સમયે રૂપિયા ૨૦૦૦ નહિ પરંતુ રૂ. ૨૨૦૦૦ ઉપડી ગયા હતા. આખરે આ મામલે સેકટર-૨૧ પોલીસ મથકમાં ખેડૂતે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. નોંધનીય બાબત એ છે કે હાલના સમયે બેંકમાં રૂપિયા ઉપાડવા જાઓ તો બેંક કર્મચારીઓ પણ એટીએમનો ઉપયોગ કરવાનું કહીને ખાતેદારને તગેડી મૂકતા હોય છે. આવા સંજોગોમાં એટીએમનું નહિવત જ્ઞાન ધરાવતા બેંક ખાતેદારો ભારે મૂંઝવણમાં મુકાઈ જાય છે અને બીજા કોઈનો સહારો લઈ નાછૂટકે વિશ્વાસ મૂકીને તેને એટીએમ કાર્ડ અને પાસવર્ડ આપી રૂપિયા ઉપાડવાનું કહેવામાં આવે છે.

મળતી માહિતી મુજબ કલોલ તાલુકાના જામળા ગામે રાણાવાસમાં રહેતા ૫૮ વર્ષીય ખેડૂત રણજીતસિંહ બળદેવજી રાણાએ આ ચિટીંગ મામલે ફરિયાદ નોંધાવી છે. તેમના કુટુંબી ભાઈ કિશોરીજી ભીખાજી રાણાના અર્બન બેંક સેકટર-૨૧ પર્સનલ લોનના હપ્તા ભરવાના હોવાથી કિશોરજીનું icici બેંકનું ડેબિટ કાર્ડ તથા તેમનો પાસવર્ડ આપીને એટીએમમાંથી પૈસા ઉપાડીને હપ્તો ભરવા મોકલ્યા હતા. રણજીતસિંહે બેંકના એટીએમમાં કાર્ડ નાખીને પૈસા ઉપાડવાનો પ્રયત્ન કર્યો પરંતુ એટીએમમાંથી પૈસા પડ્યા ન હતા. આખરે રણજીતસિંહે તેમની પાછળ ઉભેલા એક યુવાનને એટીએમ કાર્ડ અને પાસવર્ડ આપી રૂપિયા ઉપાડી દેવા જણાવ્યું હતું. તે યુવાને કાર્ડ ATM માં નાખીને પીન નંબર પુછીને ૨૦૦૦ ઉપાડી રણજીતસિંહ આપ્યા હતા. ત્યારબાદ તે યુવાન પોતાના એટીએમ કાર્ડનો ઉપયોગ કરી રૂપિયા ઉપાડી ત્યાંથી નીકળી ગયો હતો. દરમિયાન કિશોરસિંહને રૂપિયા ૨૨૦૦૦ ઉપડી ગયા હોવાનો મેસેજ મળતાં રણજીતસિંહને ફોન કરીને જણાવ્યું હતું કે તેમના ખાતામાંથી રૂ. ૨૨૦૦૦ ઉપડ્યા છે તો તે તેમને મળી ગયા છે? કિશોરજીના આ ફોનથી રણજીતસિંહ ચોંકી ઉઠ્યા હતા. કેમ કે જે યુવાને તેમને રૂપિયા ઉપાડી ને આપ્યા તેણે રૂપિયા ૨૦૦૦ જ આપ્યા હતા. તો બીજા વીસ હજાર રૂપિયા ગાયબ ક્યાં થયા? તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનું લાગતા તેમણે આખરે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં આ મામલે ફરિયાદ નોંધાવી છે. જેના આધારે સેક્ટર-૨૧ પોલીસે એટીએમના સીસીટીવી ફૂટેજ મેળવી ગુનાની તપાસ શરૂ કરી છે.

# વીઆઈપી વિસ્તાર સેકટર-૮માં પાણીના ધાંધિયા

## છેલ્લા એક મહિનાથી સેકટર-૮માં પાણીના ધાંધિયા : માત્ર એક દોઢ કલાક પાણી પુરવઠો ખુબ ઓછા ફોર્સથી અપાતો હોવાની બુમ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના વીઆઈપી વિસ્તાર ગણાતા સેકટર-૮માં છેલ્લા એક માસથી પાણીની બુમ ઉઠવા પામી છે. માત્ર એક દોઢ કલાક ખુબ ઓછા ફોર્સથી પાણી આવતું હોવાથી વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. રજૂઆતો કરવા છતાં વસાહતીઓની આ ફરિયાદ દૂર થઈ નથી.

ઉનાળો શરૂ થતાં જ ગાંધીનગરમાં પાણીના પોકારો શરુ થઈ જાય છે. પાણીનો પુરતો જથ્થો હોવા છતાં વિતરણ વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવાયેલી ન હોવાથી વસાહતીઓને હેરાન થવું પડે છે. વીઆઈપી વિસ્તાર ગણાતા સેકટર-૮માં પાણીના પોકારો ઉઠી રહ્યા છે. છેલ્લા એકાદ માસથી અહીં ખુબ ઓછું પાણી આવે છે. પાણીનો ફોર્સ ખુબ જ ઓછો હોય છે ગ્રાઉન્ડ ફલોર પરની ટાંકીઓ પણ માંડ ભરાય છે. પાણીનો ફોર્સ ઓછો હોવાથી અને સામે વપરાશ વધુ હોવાથી વસાહતીઓને ના છુટકે મોટર ચલાવવી પડે છે. પાણી આવવાના સમયે એક સાથે મોટર વડે પાણી ખેંચવામાં આવતું હોવાથી પાણીનો ફોર્સ વધુ ઘટી જાય છે. વળી પાણી વિતરણનો સમય પણ સેકટર-૮માં ખુબ ઓછો થઈ ગયો છે. અગાઉ સવારે ૬ વાગે શરૂ થઈ જતું પાણીનું વિતરણ હવે માંડ સવારે ૭ વાગે શરુ થાય છે. જે આઠ-સવા આઠની આસપાસ બંધ થઈ જતું હોવાથી વસાહતીઓને ખુબ જ તકલીફ પડી રહી છે. સેકટરના સરકારી આવાસ વિસ્તારમાં પાણીની તકલીફ વધુ અનુભવાઈ રહી છે. પાણીના સ્ટોરેજની કોઈ વ્યવસ્થા ન હોવાથી વસાહતીઓ ત્રાસી ગયા છે. ફોર્સથી પાણી આપવા અનેક વખત રજુઆત કરાઈ હોવા છતાં આ સમસ્યાનો ઉકેલ આવતો નથી.

# સે-૭ મુખ્ય શોપીંગ પાસે જોખમી ખાડો

ગાંધીનગર, તા.૧૦

શહેરના સેકટર-૭ મુખ્ય શોપીંગના ખુણા પર એક અઠવાડીયાથી જોખમી ખાડો પડયો છે. આ ખાડાને કારણે ગમે તે સમયે મોટી ઘટના બની શકે તેવી સંભાવના છે. તેમ છતાં સ્થાનિક તંત્ર હજુ સુધી અહીં ડોકીયું કરવા પણ નથી આવ્યા. જેથી સ્થાનિક વેપારીઓ અને રાહદારીઓ આ જોખમી ખાડો પુરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.




શહેરના સેકટર-૭માં મુખ્ય શોપીંગ સેન્ટર આવેલું છે. આ શોપીંગ આસપાસ દરરોજ રહીશો ભારે માત્રામાં અવરજવર કરે છે. શોપીંગની પાસે ખુણા પાસે પસાર થતી ગટર લાઈનમાં એક અઠવાડીયા અગાઉ ખાડો પડયો હતો. આ ખાડામાંથી સતત ગંદુ ગટરનું પાણી વહે છે. ઉનાળાની સીઝનમાં દુર્ગંધ વધુ ફેલાય છે. પરીણામે શોપીગમાં આવતા ગ્રાહકો અને માર્ગ પરથી પસાર થતા રાહદારીઓને રીતસરના મોં પર ડુચા મારવા પડે છે. આ ગંદા પાણીથી ભરેલા ખાડાના લીધે રોગચાળો ફેલાવાનો ભય પણ પેદા થયો છે. રાત્રિના સમયે જોખમી ખાડો રાહદારી માટે પણ જોખમ પેદા કરી શકે છે તેમ છતાં છેલ્લા એક અઠવાડીયાથી સ્થાનિક વહીવટી તંત્ર અહીં ડોકીયું કરવા પણ આવ્યું નથી શું કોઈ મોટી જાનહાની થશે પછી ખાડો પૂરવામાં આવશે? તેવો વેપારીઓ અને રાહદારીઓમાં સુર ઉઠવા પામ્યો છે અને આ ખાડો કોઈ જોખમ નોંતરે તે પહેલા પુરવામાં આવે તેવી તેમણે માંગ કરી છે.

**@ગાંધીનગર**

સંસ્કાર ગ્રુપ દ્વારા સાંજે ૬.૩૦ કલાકે સે-૭ના બગીચા ખાતે બાળલક્ષી પ્રવૃત્તિઓ થશે.

## સે-૨૦ પ્રમુખ વાટિકા ખાતે ડાયાબીટીસ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

સેકટર-૨૦, પ્રમુખ વાટિકાના બગીચા ખાતે ડાયાબીટીસ માટેના એક જાહેર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજુબાજુના વિસ્તારના નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કેમ્પમાં આરંભના તબક્કે અનિલ કક્કડ એ ડાયાબીટીસના જુદા જુદા પ્રકારો, ડાયાબીટીસ થવાના પ્રાથમિક કારણો અને તેના ચિહ્નો, ડાયાબીટીસના દર્દીઓએ ખોરાક અને દૈનિક જીવન શૈલીમાં રાખવાનીશ્ર ્તી સાવચેતી અને લાંબાગાળા સુધી ડાયાબીટીસ અનિયંત્રિત રહેવાને કારણે ઉભા થતા કોમ્પ્લીકેશન્સ વિગેરે બાબતો અંગે હાજર રહેલા તમામને વિગતવાર જાણકારી આપી હતી.

શિબિરમાં ઉપસ્થિત મહિલાઓ સહિત કુલ ૩૨ વ્યકિતઓને ચિરાગ જાની દ્વારા બ્લડ સુગરનો ટેસ્ટ કરી આપવામાં આવ્યો હતો. ટેસ્ટીંગ કર્યા બાદ દરેકને વ્યકિતગત રીતે પરિણામની જાણકારી આપી જરૂરી સલાહ સુચનો પણ આપવામાં આવ્યા હતા. શિબિરને સફળ બનાવવા માટે ગુડાના ભૂતપૂર્વ અધ્યક્ષ અશોક ભાવસાર એ શરુઆતથી અંત સુધી હાજર રહી સંપૂર્ણ સાથ સહકાર આપ્યો હતો.

# સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર નગરજનોને સન્માનાશે

ગાંધીનગર, તા.૧૦

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા દર વર્ષે વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનારા નગરજનોનું સન્માન કરવામાં આવે છે. આ વર્ષે તા. ૩૧-૭-૨૦૧૮ને મંગળવારે સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની માસિક બેઠકમાં આ સન્માન સમારોહ યોજાશે.

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા પ્રમાણિકતા દાખવનાર, રમતગમત ક્ષેત્રે, કેળવણી ક્ષેત્રે, સાહસ-શૌર્ય કે અન્ય ક્ષેત્રોમાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા નગરજનોનું સન્માન કરવામાં આવશે. વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારા નગરજનોને તેમની સંપૂર્ણ માહિતી આધાર પુરાવા સહિત તા. ૩૦-૬-૨૦૧૮ સુધીમાં કાર્યાલયમાં જમા કરાવવા સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા જણાવાયું છે.

કાર્યક્રમમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની જુદા જુદા બોર્ડની માર્ચ ૨૦૧૮ની પરીક્ષામાં ૭૫ ટકાથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનાર સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના સભ્યોના પૌત્ર-પૌત્રી દોહિત્ર-દોહિત્રીનું પણ સન્માન કરવામાં આવશે. ૭૫ ટકાથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓએ તેમના ગુણપત્રક તા. ૩૦-૬-૨૦૧૮ પહેલા કાર્યાલયમાં પહોંચાડવાના રહેશે. આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કરી હોય તેવા દિવ્યાંગ વિદ્યાર્થીઓએ પણ દિવ્યાંગના પ્રમાણપત્ર સાથે અરજી કરવી તેવું સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા જણાવાયું છે. વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર નગરજનો તેમજ તેજસ્વી તારલાઓએ તેમની માહિતી મંગળવાર, ગુરુવાર અથવા શનિવાર સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન ૭૯૦/એ, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ગાંધીનગર ખાતે કાર્યાલયમાં પહોંચાડવાની રહેશે.

# સ્મશાનની ઉજજડ જમીનમાં વૃક્ષો ઉછેરતો પર્યાવરણ પ્રેમી યુવાન

## ગાંધીનગર નજીકના નાનકડા જલુંદ ગામે સ્મશાન મુકિતધામમાં છેલ્લા ત્રણ વર્ષના શ્રમયજ્ઞ થકી યુવાને સવાસો વૃક્ષોનું વાવેતર કરી ઉછેર્યા છે : વિશ્વ પર્યાવરણ દિને આ યુવાન પર્યાવરણના જતન માટે નવી રાહ ચિંધી રહ્યો છે

**સંબંધ સજાવે જિંદગી**
**સમીર રામી**

ગાંધીનગર, તા.૧૦

દર વર્ષે મે માસમાં જયારે ઉનાળો આકરો તપે અને જૂન માસના પ્રથમ સપ્તાહમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવાની હોય એટલે સૌને વૃક્ષો યાદ આવે છે. પરંતુ વૃક્ષો એમ થોડા રાતોરાત ઉછેરાઈ જાય છે? પર્યાવરણનો સોથ વાળવામાં રોજે રોજ જયારે પાછુ વળીને જોતા નથી તો નવા વૃક્ષોનું વાવેતર કરી તેને જતનપૂર્વક ઉછેરવા એ પણ કોઈ યજ્ઞથી કમ નથી જ. આવો જ એક યજ્ઞ ગાંધીનગરથી માંડ ૧૨ કિમીના અંતરે આવેલ નાનકડા જલુંદ ગામની સીમમાં સ્થિત સ્મશાન ખાતે સવાસો વૃક્ષ ઉછેરીને ગામના યુવાન અલ્પેશ પ્રજાપતિ તથા તેના પિતરાઈ ભાઈઓ અને મિત્રોએ મળીને કર્યો છે.

ગાંધીનગર તાલુકાનું જલુંદ ગામ માંડ ૨ હજારની વસ્તી ધરાવતું નાનકડું ગામ છે. જયાં મોટી આદરજ તરફ જવાના માર્ગે ઉજજડ જમીનમાં ગામનું સ્મશાન આવેલું હતું. દર મરણ પ્રસંગે ગ્રામજનો અહીં અંતિમ ક્રિયામાં એકઠાં થાય એટલે સ્મશાનને વિકસાવવાની વાતો કરે અને છુટાં પડે એટલે આ વાતો ભૂલી જવાય. જો કે ત્રણેક વર્ષ પૂર્વે કોઈના મરણ પ્રસંગે સ્મશાનને વિકસાવવાની વાતો ગંભીરતાથી લેવાઈ અને સરપંચના સહકારથી ગ્રામ પંચાયતે કામ તો હાથ પર લીધું પરંતુ તે માટે નાણાંકીય ભંડોળ કયાં હતું? જો કે સારું કામ કરવા ઈચ્છો એટલે રસ્તા તો આપોઆપ મળી જાય અને ગામના યુવાનોએ આ જવાબદારી ઉપાડી લઈ ગામમાં ઘરે ઘરે ફરીને દાતાઓ પાસેથી ભંડોળ એકઠું કર્યુ અને સ્મશાનને સુધરાવી તેની આસપાસના ત્રણેક વીઘા જમીનને ફરતે કોટ ચણી સરસ મજાનું પ્રવેશદ્વાર બનાવાયું ને સ્મશાનને નામ અપાયું 'મુકિતધામ'. જો કે આ મુકિતધામ સંકુલમાં આવરી લેવાયેલી જમીન તદન ઉજજડ અને નકામાં ઝાડી ઝાંખરા તથા ખાડા ટેકરાં તેમજ પથ્થરોથી છવાયેલી હતી. આ સંકુલમાં ગામના પર્યાવરણ પ્રેમી યુવાન અલ્પેશ પ્રજાપતિને વૃક્ષો વાવી બગીચા જેવું વિકસાવવાનો વિચાર આવ્યો પરંતુ કામ સ્હેજ પણ સરળ નહોતું બલ્કે લાંબી ધીરજ સાથે સખત પરિશ્રમ કરવો પડે તેવું હતું. અલ્પેશ પ્રજાપતિએ આ બીડું ઉઠાવી લીધું અને તેમને પોતાના ભાઈઓ નિલેશ, આશિષ, જિજ્ઞેશ તેમજ ગામના અન્ય યુવાનોનો પણ સાથ સાંપડયો. સૌથી પહેલા તેમણે આ જમીનને સમતળ બનાવવાનું કામ હાથ ધર્યુ અને ગામના ગૌતમ ઠાકોર નામના મિત્રએ ટ્રેકટરની મદદ પુરી પાડતા સમગ્ર સંકુલને ખેડીને નકામો કચરો સાફ કરી સમતળ જગ્યા બનાવી દીધી.



એકવાર જમીન સમતળ બન્યા પછી અલ્પેશ પ્રજાપતિએ ગાંધીનગર ખાતેની સરકારી નર્સરીઓ તથા પોતાને જોઈએ તેવા રોપા મેળવવા ખાનગી નર્સરીઓમાંથી પોતાના પૈસે છોડ લાવી તેનું વાવેતર શરુ કર્યુ. તેમની નોકરી ગાંધીનગરમાં જીએસપીસીની ગુજરાત ગેસ કંપનીમાં હોવાથી ઓફિસ જવાના માર્ગમાં જ મુકિતધામ આવતું હતું તેથી દરરોજ સવાર-સાંજ છોડવાને પાણી સિંચન ઉપરાંત જરુર મુજબ ખાતર દવા પુરી પાડવા સહિત તેની અચૂક કાળજી લેવા માંડી. આ કાર્ય માટે વધુ પડતો સમય આપવાને કારણે કયારેક પરિવારનો ઠપકો પણ સાંભળવો પડયો પરંતુ તેમને બસ પોતાના ગામના મુકિતધામને નંદનવન જેવું બનાવવાની લગન લાગી હતી. તેમને આ કાર્યમાં ભાઈઓ અને મિત્રોનો સહકાર મળ્યો અને તેમની મહેનત રંગ લાવી. આજે આ સ્થળે સવાસો જેટલા વિવિધ વૃક્ષોના છોડ સારી રીતે વીકસી ચુકયા છે. જેમાં ગરમાળો, આસોપાલવ, બોરસલ્લી, સપ્તપર્ણી, મહુડો, પેન્ડુલા, બોટલ પામ, કરણ, સોનમહોર, લીમડો ઉપરાંત બંગાળી બાવળ અને સિંદૂરના છોડનો પણ સમાવેશ થાય છે. અલ્પેશભાઈના પ્રયત્નોથી અને તેમના કાર્યને નિહાળી ઈફકો કંપની દ્વારા સ્મશાન સંકુલમાં આરસીસી રોડ અને બેઠક વ્યવસ્થા બનાવવા આર્થિક સહયોગ પુરો પાડવામાં આવ્યો છે. અલ્પેશભાઈએ તેમની મોટા ભાગની સરકારી રજાઓ આ વૃક્ષોના ઉછેરમાં ખર્ચી નાંખી છે. માત્ર આજ નહી દર વર્ષે ગામમાં પક્ષીઘર અને પક્ષીઓ માટે માટીના કુંડાની પરબોનું વિતરણ પણ કરે છે. પહેલેથી જ પર્યાવરણ માટે લગાવ ધરાવતા અલ્પેશભાઈને આ પ્રેરણા પોતાના પિતા પાસેથી મળી હોવાનું જણાવે છે.

જલુંદ ગામના ભરતભાઈ પ્રજાપતિ જેઓ કલોલ માર્કેટયાર્ડમાં ખાનગી પેઢીમાં એકાઉન્ટન્ટનું કાર્ય કરે છે અને તેમના પત્નિ વીણાબેનના બે પુત્રોમાં મોટા પુત્ર એટલે અલ્પેશ પ્રજાપતિ, પોતાની ખાનદાની જમીનમાં પિતાએ અસંખ્યા ઉપજાઉ વૃક્ષોનું વાવેતર કર્યુ છે. જેના પરથી અલ્પેશભાઈને પણ વૃક્ષો ઉછેરવાની પ્રેરણા મળી છે. આઈટીઆઈ કરી રહેલા છત્રાલમાં ખાનગી કંપનીમાં અને પછી ગાંધીનગર ગુજરાત ગેસમાં નોકરી પ્રાપ્ત કરનાર અપ્લેશભાઈએ નોકરી સાથે જ ડિપ્લોમા એન્જિનીયરીંગ કર્યુ છે. જલુંદ ગામમાં ગાંધીનગરથી સીટી બસનો રૂટ લંબાવવાની દરખાસ્ત હોય કે ગામના ભલા માટે અન્ય કોઈ પણ સેવા કાર્ય હોય સદા તત્પર રહેતા અલ્પેશ પ્રજાપતિનો સ્મશાનની બંજર જમીનનો સદુયોગ કરી નંદનવન બનાવવાનો એક વિચાર આજે ગામના અન્ય યુવાનો માટે પ્રેરણારૂપ બની જવા પામ્યો છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## ચિરવિદાય

- સ્વ. દંતાણી ભગાભાઈ મથુરભાઈ, ઉ.વ. ૩૫
- સ્વ. ચંદુજી મફાજી ઠાકોર, ઉ.વ. ૫૫

**ટચુકડી જાહેર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧